# આજે જન્માષ્ટમી બાળકૃષ્ણને પારણે ઝુલાવવા ભાવિકો ઉત્સુક

## દેશભક્તિ અને કૃષ્ણભકિતનો અનોખો સમન્વય જોવા મળશે : નગરના મંદિરોમાં કૃષ્ણજન્મોત્સવ , રાસ ગરબા મટકીફોડ,ભજન તેમજ નૃત્ય નાટીકા સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યાજાશે

ગાંધીનગર તા ૧૪

શહેરમાં આજે દિવસ દરમિયાન દેશ ભક્તિ અને રાત્રિના સમયે કૃષ્ણ ભક્તિનો અનોખો માહોલ જોવા મળશે. જન્માષ્ટમી અને સ્વાતંત્ર પર્વની ઉજવણી એક જ દિવસે હોવાથી નગરમાં ભક્તિનો અનોખો સમન્વય જોવા મળશે. પર્વની ઉજવણીને અનુલક્ષી નગરજનોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. મંદિરોમાં જન્માષ્ટમીના પર્વના ઓવારણાં લેવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. નગરના વિવિધ મંદિરોમાં જન્માષ્ટમીની ઉજવણી અન્વયે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં કૃષ્ણજન્મોત્સવ તેમજ મટકી ફોડ ,રાસ ગરબા , ભજન , આનંદના ગરબા અને નૃત્ય નાટીકા ઉપરાંત વિવિધ સ્પર્ધાઓનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાત્રિના ૧૨ વાગ્યે કૃષ્ણોજન્મોત્સવની ઉજવણી કરાશે. હાથી ઘોડા પાલકી જય કનૈયા લાલ કી ના જયઘોષથી મંદિરો ગુંજી ઉઠશે.

જન્માષ્ટમી પર્વ તેમજ સ્વાતંત્ર દિવસની ઉજવણી એક જ દિવસે હોવાથી દેશ ભક્તિ અને કૃષ્ણભકિતનો અનોખો માહોલ જોવા મળશે. નગરના મંદિરોમાં હાથી ઘોડા પાલકી જય કનૈયા લાલ કી ના જય ઘોષ વચ્ચે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. નગરના પંચદેવ મંદિરમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણીની સાથે ભવ્ય મેળાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત સે-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે રાસ ગરબા તેમજ મટકી ફોડ ઉપરાંત ભજનનો કાર્યક્રમ પણ યોજાશે. જયારે રાત્રિના સમયે કૃષ્ણજન્મોત્સવ ઉજવાશે.




નગરના મંદિરોમાં રાત્રિના મહાઆરતી યોજાશે. બાળકૃષ્ણને પારણે ઝુલાવવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે.

જન્માષ્ટમીના પર્વને અનુલક્ષી મંદિરોને સુશોભિત કરવામાં આવ્યા છે. સે-૧ ગાયત્રી મંદિર ખાતે જન્માષ્ટમી પર્વને અનુલક્ષી ગરબા , મટકીફોડ અને કૃષ્ણજન્મોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સે-૨ સ્થિત સ્વામિનારાયણ મંદિર ખાતે કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરાશે. આ ઉપરાંત શિવશક્તિ મંદિરમાં પણ જન્માષ્ટમી પર્વની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવશે. સે-૩૦ જુલેલાલ મંદિરમાં પણ કૃષ્ણજન્મોત્સવ અન્વયે રાધા કૃષ્ણની વિશિષ્ટ નૃત્ય નાટીકાનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૧૬ સ્થિત તિરુપતિ બાલાજી મંદિર ખાતે પણ ભવ્ય કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૧ ગોર્વધનનાથજીની હવેલી ખાતે પણ કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાશે. સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી અન્વયે પણ નગરની વિવિધ શાળાઓ ઉપરાંત સેકટરોમાં ધ્વજવંદનના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. કલોલમાં યાજાનારા જિલ્લા તાલુકા કક્ષાના કાર્યક્રમો ઉપરાંત સે-૨૧ ઓમકાર પાન પાર્લર દ્વારા દર વર્ષની જેમ દેશભક્તિના ગીતો તેમજ જલેબીનુ વિતરણ કરી સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવશે. આખો દિવસ દેશ ભક્તિ અને કૃષ્ણભક્તિનો સમન્વય જોવા મળશે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સીતેર વર્ષથી પાછલી સરકાર જે રીતે ગરીબી સામે લડી રહી છે... તે લડત આગામી દોઢસો વર્ષ લડી શકીએ તેવી ક્ષમતા અમારી સરકારમાં છે...!!

# જિલ્લામાં ભારે-અતિભારે વરસાદથી પાકને ૧૯ લાખનુ નુકશાન થયુ હોવાનુ અંદાજ

## ૨૮૬ ગામોને અસર : 33 ટકાથી વધુ નુકશાન થયુ હોય તેવા ખેડૂતોની સંખ્યા ૨૯૦ : પિયતની સુવિધા ધરાવતા વિસ્તારમાં વધુ નુકશાન

ગાંધીનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે ખેતીને ૧૯ લાખ રૂ.નું નુકશાન થયાના અંદાજો છે જેની ૬૩૦૦થી વધુ ખેડૂતોને અશર થઈ છે.

જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા કરાયેલ સર્વે અંતર્ગત પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખેતરમાં ૩૩ ટકાથી વધુ નુકશાન થયુ હોય તેવા ખેડૂતોની સંખ્યા ૨૯૦ જેટલી છે જ્યારે ૩૩ ટકાથી ઓછુ નુકશાન થયુ હોય તેવા ખેડૂતોની સંખ્યા ૬૦૮૩ જેટલી છે.

જિલ્લામાં પિયતની સુવિધા ધરાવતા હોય તેવા ખેડૂતોને ૧૪.૬૫ લાખનું ૩૩ ટકા કરતાં વધુ નુકશાન થવા પામ્યુ છે. જ્યારે બિન પિયત ધરાવતા ખેડૂતોને રૂ. ૪.૩૪ લાખનું નુકશાન થયાના અંદાજો છે.

જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને પગલે ૧૭૨.૨૩ હેક્ટર વિસ્તારમાં પાકને નુકશાન થવા પામ્યુ છે. આ ભારે અતિભારે વરસાદને કારણે ૨૮૬ ગામોને અસર પહોંચી છે. તંત્રએ સર્વેમાં ૬૩૪૧.૪૯ હેક્ટર વિસ્તારને આવરી લીધો હોવાની વિગતો પણ પ્રાપ્ત થઈ છે. જિલ્લામાં ૨૦૦થી પણ વધુ ખેડૂતોએ પાકને નુકશાન થયા અંગેની અરજીઓ કરી હતી. તંત્ર દ્વારા ખુબજ ચીવટતા સાથે આ સર્વે તૈયાર કરવામાં આવ્યો છે અને તેની વિગતો સરકારને પણ મોકલી આપી હોવાનું જાણવા મળેલ છે.

## શહેર કોંગ્રેસની કારોબારી ૧૭મીએ મળશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક આગામી ૧૭મી ઓગષ્ટના રોજ સે. ૨૨ના કાર્યાલય ખાતે શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહના અધ્યક્ષપદે રાખવામાં આવી છે.

જેમાં લોકસભા નિરીક્ષક ઉપરાંત પ્રભારીઓ તેમજ પ્રદેશ હોદ્દેદારો પણ ઉપસ્થિત રહેશે. આ બેઠકમાં સ્વાઈન ફ્લુ, બનાસકાંઠા-પાટણની જળ હોનારત સહિતના મુદ્દાઓ પર ચર્ચાઓ થશે તેમ કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

## હા... સાહેબ !

''કેવો અદ્ભુત સંયોગ રચાયો છે સાહેબ...''

''શાના સંયોગની વાત કરો છો ?!''

''જન્માષ્ટમી અને સ્વાતંત્ર્ય દિન, બન્ને એક જ દિવસે..!! બન્ને મોહનનો મહિમા એક જ દિવસે આપણે ગાવાનો..! કેવો કુદરતી સંકેત છે..?!''

''હં...હં... એટલે..? કયા મોહનની વાત કરો છો..?!''

''મોહન મુરલીધર... કૃષ્ણ કનૈયો... ગીતાનો ગાનાર... અને બંસરીનો બજૈયો... એ જ મોહન... અને બીજો પોરબંદરમાં જન્મેલો મોહન કરમચંદ ગાંધી... આઝાદી જંગના અગ્રેસર... સત્ય અને અહિંસાના પુજારી... રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી...''

''હા... લ્યા... સાચી વાત હોં..! પણ બન્નેના માર્ગ જુદા..! એવું નથી લાગતું..?!''

''કાંઈ જુદા નથી સાહેબ... આપણે જુદા પાડ્યા છે..! કેટલુ બધું સામ્ય છે... બન્નેમાં... જ્યારે જ્યારે અધર્મ વધશે ત્યારે ત્યારે હું પ્રગટ થઈશ તેવું આશ્વાસન આપનાર ગીતાકાર કૃષ્ણની ભક્તિમાં સતત લીન નરસિંહનું વૈષ્ણવ જન ગાંધીને પ્રિય હતું..! બન્નેએ સત્ય માટે સંઘર્ષ કર્યો... વંચિતો અને ગરીબો માટે સંઘર્ષ કર્યો... કલ્યાણ રાજની કલ્પના કરી... અને ભારતની ભવ્યતા અને દિવ્યતાની આશા જન્માવી...''

''...પણ ગાંધી અહિંસામાં માનતા'તા અને કૃષ્ણ હિંસામાં માનતા'તા..!''

''તમેય પાણીમાંથી પોરા કાઢો છો... મહાભારતનું યુદ્ધ અને અખંડ ભારતનું યુદ્ધ બન્નેના પરિણામ શું..?! અને બન્નેના પરિમાણો શું..?! ઈતિહાસ સાક્ષી છે... ગાંધીને પણ ગીતામાં વિશ્વાસ હતો... અને ગીતા ઉપરના ગાંધીના પ્રવચનોના પુસ્તકો આજે પણ સૌથી વધારે વંચાય છે... તે ખબર છે તમને..?!''

''ખબર છે... ખબર છે... બધી...બધી ખબર છે... બન્ને યુગપુરૂષો... એટલે આપણે તો 'નંદ ઘેર આનંદ ભયો' પણ બોલવાનું... અને... 'દે દી હમે આઝાદી બીના ખડગ બીના ઢાલ... સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ...' ખરેખર આપણે ધન્ય છીએ હોં..!! આપણો જન્મ ભારતમાં થયો અને આવા યુગપુરૂષોના પ્રભાવથી જનજીવન જીવંત રહ્યું..!! આઝાદીની અમરગાથા અમુલ્ય છે આપણા માટે..!''

''સાહેબ એટલુ બધુ નહિં હોં... ખબર છે ને કે આપણી દેશભક્તિ બે દિવસની... ૧૫ ઓગષ્ટ અને ૨૬ જાન્યુઆરી આવે એટલે આપણે વંદે માતરમ્... ભારત માતા કી જય બોલીએ..!! પાછા હતા એમના એમ...''

''હં... બે દિવસ ઝંડા ફરકાવીએ... સૂત્રો બોલીએ... સરઘસો કાઢીએ... એટલે આપણે દેશ ભક્ત... અને એ આપણી સાચી દેશભક્તિ..?!''

''ભારત માની સાચી દેશભક્તિ ત્યારે જ ચરિતાર્થ થશે કે જ્યારે દેશની તમામ મિલ્કત મારી મિલ્કત છે... તમામ દેશ બાંધવો મારા ભાઈ-બહેન છે... દેશનું કોઈ પણ કામ મારુ કર્તવ્યુ છે... મારો ધર્મ છે... આવો સમુહ જીવનનો ભાવ પ્રગટશે ત્યારે આપણી સાચી દેશભક્તિ અને આપણો સાચો રાષ્ટ્ર ધર્મ આત્મસાત થશે...''

... હા સાહેબ સાવ સાચી વાત છે પણ શરૂઆત તો કરીએ... સપનું તો વાવીએ અને સાથે ગાઈએ ''વિજયી વિશ્વ તિરંગા પ્યારા... ઝંડા ઊંચા રહે હમારા...''

- નિમિત્ત માત્ર

# ગાંધીનગર જિલ્લાના ૬ પોલીસ અધિકારીની પ્રશંસનીય સેવા માટે રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ ચંદ્રક એનાયતની જાહેરાત

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત રાજય પોલીસમાં ફરજ બજાવતાં પોલીસ અધિકારી તથા જવાનોને ૧૫મી ઓગસ્ટ



સ્વતંત્રતા દિવસ ૨૦૧૭ના પ્રસંગે વિશિષ્ટ સેવા-પ્રશંસનીય સેવા અંગેના પોલીસ ચંદ્રકો એનાયત કરવાની જાહેરાત મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજયમાં વિશિષ્ટ સેવા બદલ એક પોલીસ અધિકારીને પોલીસ ચંદ્રક એનાયત કરવામાં આવશે.આ ઉપરાંત પ્રશંસનીય સેવા અંગે રાજયના ૧૭ પોલીસ અધિકારી-જવાનોને પોલીસ ચંદ્રક એનાયતની જાહેરાત થઈ છે.

૧૫મી ઓગસ્ટ સ્વાતંત્રય પર્વ નિમિતે મહામહિમ રાષ્ટ્રપતિ દ્વારા પોલીસ ચંદ્રકો એનાયત કરાયાની જાહેરાત કરાઈ છે. જેમાં વિશિષ્ટ સેવા અંગેનો પોલીસ મેડલ વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક જી.એસ.મલિકને પ્રાપ્ત થયો છે. જયારે પ્રશંસનીય સેવા અંગે રાજયના ૧૭ પોલીસ અધિકારીની પોલીસ મેડલ માટે પસંદગી થવા પામી છે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૬ પોલીસ અધિકારીઓનો પણ સમાવેશ થવા પામ્યો છે. જેમાં પોલીસ અધિક્ષકની કચેરી સીએમ સીક્યુરીટી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા એસ.કે. શાહ, રાજભવન ખાતે ફરજ બજાવતા ડી.ડી.દુબે, પોલીસ અધિક્ષકની કચેરી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા અધિકારી એલ.ડી.વાઘેલા, સેનાપતિની કચેરી રા.અ.પો.દળ.જુથ -૧૨ ગાંધીનગરના ભરતકુમાર બોરાણા, પોલીસ અધિક્ષકની કચેરી ટેકનીકલ સર્વિસીસ ગુજરાત રાજય ગાંધીનગર પો.વા.સ.ઈ. પ્રવિણકુમાર .આર.દેવૈયા,તેમજ આઈબી ગાંધીનગર ખાતે ફરજ બજાવતા આઈઓ કાંતિભાઈ .એમ.પ્રજાપતિની પસંદગી થવા પામી છે. રાજયના પોલીસ વડા ગીથા જોહરીએ રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર તમામ ઉપરોકત તમામ પોલીસ અધિકારી-જવાનોને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી છે. આ તમામ પોલીસ અધિકારી-જવાનોને સાથી કર્મચારીઓએ પણ શુભેચ્છાઓ પાઠવી છે.



પંચદેવનો મેળો : પાટનગરના ગ્રામ દેવતા સમા પંચદેવ મંદિરે જનમાષ્ટમીનો મેળો પરંપરાગત માહોલમાં યોજાય છે. શહેરીજનો ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારોના ગ્રામજનો પણ મેળો મહાલવા આવે છે. ભારતીય સંસ્કૃતિમાં મેળાનો મહિમા અનોખો છે. મેળો સમાજ જીવનનું અનિવાર્ય અંગ છે અને સામૂહિક જીવનના પાઠ શીખવતું પ્રકરણ છે. પંચદેવ મંદિરે સવારથી જ ભાવિકો મોટી સંખ્યામાં દર્શને ઉમટે છે. સોમવારે દિવસ દરમિયાન મેળાની તૈયારીઓ તડામાર આરંભાઈ હતી. ચકડોળ એ મેળાનું આકર્ષણ હોય છે.

# વડોદરામાં સ્વતંત્રતા પર્વની રાજ્યસ્તરીય ઉજવણી શરૂ

## ગુજરાતના સૌથી ઉંચા ૬૭ મીટર ઉંચાઈ ધરાવતા રાષ્ટ્ર ધ્વજનું લોકાર્પણ કરાયું : સ્માર્ટસિટી બસ સેવા શરૂ કરાઇ

ગાંધીનગર, તા.૧૪

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ



ભારતની એક્તા અખંડિતતાને આતંકી ઓછાયાથી તોડવાના કોઈ પ્રયાસો દેશની જનતા સાંખી લેશે નહીં તેવો સ્પષ્ટ સંકેત આપ્યો છે. તેમણે કહ્યું કે, ભારતીય ત્રિરંગાની આન બાન શાનને દિલોજાનથી જાળવીને સૌ દેશવાસીઓ ભારતને વિશ્વગુરુ બનાવવા સંકલ્પબદ્ધ થયા છે. હવે તેની આડે આવતા તત્વોને રૂકજાવ આખોદેશ એકી અવાજે કરી રહ્યો છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરામાં ૭૧માં સ્વાતંત્ર્ય પર્વના રાજ્ય કક્ષાના કાર્યક્રમોનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે વડોદરામાં હરણી પોલીસ મથકનું ઉદઘાટન સમા તળાવના નવીનીકરણનું લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રીએ આ વેળાએ ૬૭ મીટર ઉંચો રાજ્યનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ સ્થંભ ઉપર લગાવ્યો હતો. મુખ્યમંત્રીએ સમા તળાવના કાંઠે



રાષ્ટ્રધ્વજ ઉદ્યાનના સ્થળે શહિદ સ્મૃતિ વનના ઉછેર માટે વૃક્ષારોપણ કર્યું હતું. તેમણે સમાસ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે ૫૫ કરોડના ખર્ચે અદ્યતન સ્માર્ટસિટી શહેરી બસ સેવાનું લોકાર્પણ કરવાની સાથે સ્માર્ટ વડોદરાને ઈન્ટરનેટ યુગ સાથે સાંકળતી શહેરી જનો માટેની નિઃશુલ્ક વાઈફાઈ સુવિધા શરૂ કરાવી હતી. મુખ્યમંત્રીએ વડોદરા શહેરના ૨૯ તળાવોના નવસર્જનના અભિયાન માટે વડોદરા મહાનગરપાલિકાને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, વડોદરાને સંસ્કારી, સાંસ્કૃતિક અને ઉદ્યાનસભર નગરી બનાવનારા સયાજીરાવનો આ વરસો વડોદરાની અસ્મિતા છે. ગુજરાતની ૫૦ ટકા વસતીને શહેરોમાં વસે છે અને અર્બનાઈઝેશન વધી રહ્યું છે તેનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શહેરી જનોને સુખાકારીની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની ખાત્રી માટે માનવી ત્યાં સુવિધાના લક્ષ્ય સાથે શહેરોને સ્માર્ટ અને રહેવા લાયક બનાવવાનું અભિયાન આદર્યું છે.

## મ્યુનિ. કમિશનર તાલીમ માટે વિદેશ જશે

ગાંધીનગર મહાનગરપાલિકાના મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી આગામી ૧૮મીથી વિદેશ તાલિમ માટે જઈ રહ્યા છે. એક મહિનાની તાલિમ માટે તેઓ જઈ રહ્યા હોવાથી તેમની જગ્યાનો કાર્યભાર મ્યુનિ. ફાયનાન્સ બોર્ડના સુશ્રી બી.કે. પ્રવિણાને સોંપવાના હુકમો રાજ્ય સરકારે કર્યા છે.

## રાજ્યના નાગરિકોને જન્માષ્ટમી પર્વની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ જન્માષ્ટમીના પાવન પર્વના અવસરે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે ભગવાન શ્રી કૃષ્ણનો જન્મોત્સવ પરમ શ્રધ્ધા અને ભક્તિભાવથી ઉજવવામાં આવે છે. જન્માષ્ટમીનું આ પર્વ સમાજમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર બંધુત્વની ભાવનાને સુદૃઢ બનાવશે.

## નિવિદા - કાટમાળ નિકાલ બાબત

હેલીપેડ એકઝીબીશન ગ્રાઉન્ડ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે પ્રદર્શન બાદનો કાટમાળનો જે તે સ્થિતિમાં નિકાલ કરવા સારૂ રસ ધરાવતી એજન્સીઓએ તા. ૧૭/૮/૨૦૧૭ થી ૧૯/૮/૨૦૧૭ દરમિયાન સદર સ્થળની મુલાકાત લઈ તેઓના સ્તરેથી યથાયોગ્ય નિયત સ્થળે નિકાલ કરવા સારૂ અત્રેથી સીલબંધ કવરમાં ભાવપત્રક મંગાવવામાં આવે છે. સદર ભાવપત્રક નીચેના સ્થળે રૂબરૂમાં અંતિમ તા. ૨૩/૮/૨૦૧૭ સુધી મોકલી આપવાના રહેશે. ભાવપત્રક મંજુર કરવા અંગેનો ઈન્ડેક્ષ્ટબીનો નિર્ણય એજન્સીને આખરી અને બંધનકર્તા રહેશે.

જનરલ મેનેજરશ્રી (મહાત્મા મંદિર)
ઈન્ડેક્ષ્ટબી
બ્લોક નં. ૧૮, બીજે માળ, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર. ફોન : ૨૩૨૫૦૪૯૨/૯૩

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ